ગાંધીનગર સમાચાર Regd. No. GNR/65-G0

# સરદાર આવાસ યોજના જિલ્લામાં અટવાઈ

**૬૦૯ મકાનોનું કામ શરૂ થયું નથી તો ૨૦૦થી વધુ અરજીઓ રદ કરી દેવામાં આવી છે : હવે પ્રધાનમંત્રી આવાસ યોજનામાં આ લાભાર્થીઓને સમાવવાની કવાયત**

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર જિલ્લામાં ૬૦૯ સરદાર આવાસ યોજનાના કામો હજુ શરૂ જ ન થઈ શક્યા હોવાથી હવે તે પડતા મુકવામાં આવે તેવી સંભાવનાઓ છે.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે સરદાર આવાસ યોજનાના આ લાભાર્થીઓને હવે પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત આવરી લેવામાં આવે તેવી સંભાવનાઓ વધુ રહેલી છે.

મળતી બિનસત્તાવાર વિગતો પ્રમાણે ૨૧૯ અરજીઓ તો રદ કરવામાં આવી છે. જિલ્લામાં આ યોજના અંતર્ગતના ૩૦૦થી વધુ મકાનો પ્લીન્થ લેવલ સુધી આવી ગયેલા છે તો ૧૨૫ જેટલા મકાનો તો લીન્ટલ લેવલ સુધી પહોંચી ચુક્યા છે.

હવે આ આવાસ યોજનાના મકાનો ક્યારે પૂર્ણ થશે તે ખબર નથી. જો કે રાજ્ય સરકારે આવા મકાનો માટેના ખર્ચની જરૂરિયાત અંગેના અંદાજો તંત્ર પાસે માગ્યા હોવાની ચર્ચા છે. જો કે આ બાબતે સત્તાવાળાઓ હાલ કોઈ જ રીતે કંઈ પણ બોલવાથી બચી રહ્યા છે.

દિશાની બેઠકમાં તંત્રના અધિકારીઓએ જણાવ્યુ હતુ કે ઈન્દિરા આવાસ યોજના સહિતની આવાસ યોજનાઓ બંધ કરવામાં આવી છે.

દરમ્યાન રાજ્ય વિધાનસભા ગૃહમાં પણ સરકારે એ વાતનો સ્વીકાર કર્યો છે કે જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં આવાસ યોજનાના એક પણ કામ શરૂ કરવામાં આવ્યા નથી.

બીજી તરફ પ્રધાનમંત્રી આવાસ યોજનાના લાભાર્થીઓને ઓળખી અને આ આવાસ યોજનાની ડિઝાઈન સહિતની કામગીરી સંપન્ન કરી દેવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.



ગુડી પડવો - મહારાષ્ટ્રીયન પરિવારોએ ભાવપૂર્વક ગુડી પડવોની ઉજવણી કરી હતી... ચૈત્ર માસના પ્રથમ દિવસે મરાઠી પરંપરા મુજબ ઉજવાતા ગુડી પડવો પર્વ શહેરના મહારાષ્ટ્રીયન પરિવારોએ પૂજન અર્ચન કર્યું હતું...

# તાલુકા પંચાયત માટે ભાજપ-કોંગ્રેસ આજે ઉમેદવારોને મેદાનમાં ઉતારશે

**૧૨ વાગ્યા પછી ઉમેદવારીપત્ર બન્ને પક્ષો દ્વારા રજુ થશે : બન્ને પક્ષના સભ્યોએ ઉમેદવારની પસંદગીનો નિર્ણય પ્રદેશ નેતાગીરી પર છોડી દીધો છે**

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર તાલુકા પંચાયતની ૨૦મીએ યોજાનારી પ્રમુખ ઉપપ્રમુખની ચૂંટણી માટે આજે ઉમેદવારી પત્ર ભરવામાં આવશે.

બપોરે બે વાગ્યા સુધીમાં આ ઉમેદવારીપત્ર ભરવાની મુદત હોવાથી બન્ને પક્ષો ઉમેદવારી નોંધાવશે તે હવે નિશ્ચિત બની ચુક્યુ છે.

બન્ને પક્ષોએ તેમના સભ્યોને લઈ કેમ્પ કર્યા છે. ભાજપના નેતાઓ દમણ થઈ મુંબઈ થઈ અને ગાંધીનગર પરત ફરશે જ્યારે કોંગ્રેસના સભ્યો રાજસ્થાન, દિલ્હી, હરદ્વાર થઈ અને ગાંધીનગર પરત ફરશે. બન્ને પક્ષોના સભ્યોએ ઉમેદવારોની પસંદગીની સંપૂર્ણ સત્તા પ્રદેશ નેતાઓને સુપ્રત કરી દીધી છે એટલે બપોરે ૧૨ વાગ્યા પછી જ ઉમેદવારોના નામની ઘોષણા થશે તેમ મનાઈ રહ્યુ છે.

મળતી વિગતો પ્રમાણે બન્ને પક્ષોએ સત્તા મેળવવા માટે એડીચોટીનું જોર લગાવ્યુ છે. જો કે બન્ને પક્ષો આજે પણ સત્તા માટે પોતાનો દાવો મજબુત હોવાની વાતો કરી રહ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

# માર્ચના અંતિમ ચાર દિવસોમાં બેંકો બંધ રહેશે

ગાંધીનગર, તા.૧૮

નાણાંકીય કામકાજના અંતિમ માર્ચ માસના છેલ્લા ચાર દિવસોમાં બેંકને લગતા તમામ કામકાજ પતાવી દેજો. એક સાથે ૪ સળંગ રજાઓ હોવાથી બેંકો ૪ દિવસ બંધ રહેશે. જોઈએ તો બેંકમાં મીની વેકેશનનો માહોલ જોવા મળશે.

માર્ચ મહિનો એટલે નાણાંકીય હિસાબ કિતાબ અને સરકારી લેવડદેવડનો છેલ્લો માસ ગણાય છે. આ દિવસોમાં બેંકોમાં સામાન્ય દિવસો કરતા વધારે ચહલ-પહલ જોવા મળે છે. ચાલુ વર્ષે આગામી માર્ચની છેલ્લી તારીખમાં બેંકો સળંગ ચાર દિવસ બંધ રહેશે. આગામી ૨૯મી માર્ચે મહાવીર જયંતિ, ૩૦મી માર્ચે ગુડ ફ્રાઈડે, ૩૧મી માર્ચે છલ્લો શનિવાર અને ૧લી એપ્રિલે રવિવાર હોવાથી એક સાથે બેંકોમાં ૪ દિવસની રજા રહેશે. સળંગ ચાર રજા આવતા બેંક કર્મચારીઓમાં મીની વેકેશનનો માહોલ સર્જાયો છે. કેટલાક બેંક કર્મચારીઓએ રજા હોવાથી પ્રવાસના પણ આયોજન કરી લીધા છે.

૪ દિવસની બેંકોની રજા હોવાથી કરોડો-અબજો રૂપિયાનો નાણાંકીય વ્યવહાર ઠપ્પ થઈ જશે. માટે બેંકના ગ્રાહકોએ અગત્યના બેંકના કામ ૨૮મી માર્ચ પહેલા જ નિપટાવી લેવા હિતાવહ રહેશે.



લણણી - શહેરમાં ઉછરતી નવી પેઢીએ આવું દશ્ય સગીઆંખે નહિ જોયુ હોય એ સ્વાભાવિક છે... પરંતુ ગ્રામીણ વિસ્તારમાં ઘઉંના પાક તૈયાર થયા બાદ ઘઉંના દાણાની સાફ-સુફીની જબજસ્ત પ્રક્રિયા આજકાલ ગામે ગામ ચાલે છે... ગામના પાદરે ખેતરમાં ઘઉંના ડૂંડામાંથી દાણા અલગ કરી સાફસુફ થઈ જાય એવી આધુનિક પદ્ધતિની પ્રક્રિયા જીવનમાં એક વખતે જોવા જેવી હોય છે... મેરે દેશકી ધરતી સોના ઉગલે.... એ પંક્તિ ખરેખર અહી ચરિતાર્થ થાય છે....

# પેથાપુરનો મામલો આજકાલમાં ઉકેલાશે

**લેન્ડફિલ્ડ સાઈટનો ઉકેલ એકાદ-બે દિવસમાં આવે તેવા સંકેતો : મુખ્યમંત્રી દ્વારા વિધિવત જાહેરાત કરાશે**

ગાંધીનગર, તા. ૧૮

લેન્ડફિલ્ડ સાઈટનો વિવાદ આગામી એક-બે દિવસમાં ઉકલી જશે તેવા સંકેતો મળી રહ્યા છે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ હાલ ફાળવવામાં આવેલી જગ્યાને બદલે ગાંધીનગર પેથાપુરની નજીકની જ અન્ય વૈકલ્પિક જગ્યા પર પસંદગી કરવામાં આવે તેવી શક્યતાઓ વધુ છે. આ બાબતે હાલ રેકર્ડ ચકાસણી સહિતની વિવિધ કામગીરી ચાલી રહી હોવાનું જાણવા મળેલ છે.

મળતી વિગતો પ્રમાણે ભાજપના જિલ્લા પ્રમુખ જે રાજ્ય બહારના પ્રવાસે હતા તેઓ ગાંધીનગર આવી પહોંચ્યા છે. સોમવારે ગાંધીનગર તા.પં.ની ચૂંટણી માટે ઉમેદવારીપત્ર ભરવાની પ્રક્રિયા સંપન્ન થયા બાદ આ અંગેની વાતચીતોનો દોર આગળ વધશે.

પ્રથમ સ્થાનિક લેવલે સમજૂતી થયા બાદ મુખ્યમંત્રી કક્ષાએ સીધી બેઠક થશે અને આ પછી નિર્ણયની વિધિવત્ ઘોષણા થઈ શકે છે.

ગાંધીનગર મનપાની લેન્ડફિલ્ડ સાઈટનો મુદ્દો છેલ્લા ચાર વર્ષથી વણ ઉકલ્યો રહેવા પામ્યો છે. આ મુદ્દે હવે ઉકેલ હાથવેંતમાં જણાઈ રહ્યો છે. જો કે હજુ આ અંગેનો આખરી ઉકેલ તો રેકર્ડ ચકાસણી બાદ અને સ્થાનિક સત્તાવાળાઓ સાથે સમજૂતી થયા બાદ જ આવશે.

ગાંધીનગર મનપા દ્વારા હાલ સ્મશાન નજીકની સાઈટ પર કચરો નાખવામાં આવી રહ્યો છે. મનપાને પણ વારંવાર પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા લેન્ડફિલ્ડ સાઈટને લઈ નોટીસો પાઠવી રહેલ છે જે ઉલ્લેખનીય છે.

# પશુપાલન રસીકરણ અભિયાનમાં સાડા ત્રણ લાખ પશુ આવરી લેવાયા

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર જિલ્લામાં પશુપાલન વિભાગ દ્વારા યોજાયેલ અરવા-મોવાસાના રસીકરણ અભિયાનમાં જિલ્લાના ૩ લાખ ૪૮ હજાર ૨૪૨ પશુઓને આવરી લેવામાં આવ્યા છે.

૧-૨-૧૮ થી ૨-૩-૧૮ દરમ્યાન યોજાયેલ આ અભિયાનમાં ૧,૨૪,૨૭૬ ગાય સંવર્ગ અને ૨,૨૩,૪૬૬ ભેંસ સંવર્ગના પશુઓને આવરી લેવામાં આવ્યા છે.

આ પશુઓમાં કલોલ તાલુકાના ૭૧,૮૫૨, માણસામાં ૮૭,૫૭૩, દહેગામમાં ૮૯,૨૨૯ અને ગાંધીનગરના ૯૯,૫૮૮ પશુધનનો સમાવેશ થાય છે. આ અભિયાનમાં ૧૫૦થી પણ વધુ કર્મચારી જોડાયા હતા. એક મહિના લાંબા આ અભિયાનને સંપૂર્ણ સફળતા મળી હોવાનું તંત્રના સૂત્રોએ કહ્યુ છે.



ગાંધીનગર ડેપોના બહાર નિકળવાના ગેટની સામે ગત રાત્રે પોણા અગિયાર વાગ્યાના અરસામાં એસ.ટી. બસ અને બાઈક વચ્ચે ગંભીર અકસ્માત સર્જાયો હતો. ચ-૩ સર્કલ તરફથી એસ.ટી. બસ ડેપોની અંદર જવા વળાંક લઈ રહી હતી ત્યારે ઘ-૩ સર્કલ તરફથી પુર ઝડપે આવી રહેલ બાઈક ચાલક એસ.ટી. બસમાં ઘુસી ગયો હતો. આ અકસ્માતમાં બાઈક ચાલકને માથાના ભાગે ગંભીર ઈજા પહોંચી હતી. સદનસીબે આ અકસ્માતમાં કોઈ જાનહાની થઈ ન હતી.

# રાજ્યભરમાં ગરમીનું પ્રમાણ વધ્યુ : પારો ૩૭ પર પહોંચ્યો

**સૌરાષ્ટ્ર અને કચ્છમાં પણ ગરમીનું પ્રમાણ વધ્યું : હવે આગામી બે દિવસ દરમિયાન લઘુત્તમ અને મહત્તમ તાપમાનમાં વધારે ફેરફાર જોવા નહીં મળે તેવી આગાહી**

અમદાવાદ,તા. ૧૭

અમદાવાદ સહિત રાજ્યભરમાં ગરમીનું પ્રમાણ હવે વધી રહ્યું છે ત્યારે પારો પણ ઉપર જઈ રહ્યો છે. આજે અમદાવાદમાં પારો ૩૭ ડિગ્રી સુધી પહોંચ્યો હતો. રાજ્યના અનેક ભાગોમાં પારો ૩૭થી ઉપર રહ્યો હતો. સૌથી વધુ ગરમીનો અનુભવ વડોદરામાં રહ્યો હતો જ્યાં પારો ૩૭.૫ સુધી પહોંચ્યો હતો. લોકો વધતા જાતા તાપમાન કારણે પરેશાન થયેલા છે. અમદાવાદ સહિત રાજ્યભરમાં લઘુત્તમ તાપમાનમાં ફેરફાર થવાના કારણે હવે ઈન્ફેક્શન સબંધિત બિમારીનો ખતરો પણ તોળાઈ રહ્યો છે. એકબાજુ પાણીની તકલીફ પહેલાથી જ અનુભવાઈ રહી છે ત્યારે આ વખતે ગરમી વધુ વધવાના સંકેત દેખાઈ રહ્યા છે. અમદાવાદ માટેની સ્થાનિક આગાહીમાં જણાવવામાં આવ્યું છે કે, અમદાવાદ શહેરમાં આવતીકાલે રવિવારના દિવસે ગરમીનું પ્રમાણ યથાવત રહી શકે છે અને પારો ૩૭ સુધી રહી શકે છે. આગામી બે દિવસ દરમિયાન મહત્તમ અને લઘુત્તમ તાપમાનમાં કોઈ ફેરફાર થવાની શક્યતા નહીવત દેખાઈ રહી છે. તમામ જગ્યાઓ ઉપર હવે પંખા અને એસીનો ઉપયોગ થવા લાગી ગયો છે. હાલમાં નિચલી સપાટી પર ઉત્તર-પશ્ચિમી પવનો ફુકાઈ રહ્યા છે. ગયા વર્ષની જેમ આ વર્ષે પણ તીવ્ર ગરમીનો અનુભવ થવાની શક્યતા જાણકાર લોકો વ્યક્ત કરી રહ્યા છે. બપોરે ગરમીનો અનુભવ થઈ રહ્યો છે. હાલમાં બે ત્રણ દિવસ સુધી મહત્તમ અને લઘુત્તમ તાપમાનમાં ફેરફાર થવાની શક્યતા ઓછી દેખાઈ રહી છે. આજે વડોદરામાં પારો ૩૭.૫ સુધી પહોંચ્યો હતો જ્યારે નલિયામાં ૩૧.૪, ભુજમાં ૩૬.૨, અમરેલીમાં ૩૬ડિગ્રી તાપમાન રહ્યું હતું. ગાંધીનગરમાં આજે પારો લઘુત્તમ તાપમાનમાં ૧૯ ડિગ્રી રહ્યું હતું.

### ક્યા કેટલું તાપમાન

| સ્થળ | તાપમાન |
| --- | --- |
| અમદાવાદ | ૩૭ |
| ડિસા | ૩૬.૪ |
| ગાંધીનગર | ૩૫.૫ |
| વીવીનગર | ૩૭.૪ |
| વડોદરા | ૩૭.૫ |
| સુરત | ૩૪.૮ |
| વલસાડ | ૩૩.૪ |
| અમરેલી | ૩૬ |
| ભાવનગર | ૩૫.૨ |
| પોરબંદર | ૩૪.૩ |
| રાજકોટ | ૩૫ |
| સુરેન્દ્રનગર | ૩૬.૭ |
| ભુજ | ૩૬.૨ |
| નલિયા | ૩૧.૪ |
| કંડલા એરપોર્ટ | ૩૫ |
| મહુવા | ૩૬.૪ |

# જીઆઈસીઈએની ચૂંટણીમાં એકતા પેનલનો ભવ્ય વિજય

ગાંધીનગર, તા.૧૮

ગુજરાત ઈન્સ્ટીટયૂટ ઓફ સીવીલ એન્જીનીયર્સ એન્ડ આર્કિટેકટસ (જીઆઈસીઈએ)ની મેનેજીંગ કમિટીની ચૂંટણીઓ યોજાઈ હતી.વર્ષ ૨૦૧૮ માટે મેનેજીંગ કમિટીની ચૂંટણીમાં એકતા પેનલનો ૯૫ ટકાથી વધુ મતોથી ભવ્ય વિજય થયો હતો. છેલ્લા વીસ વર્ષથી પારદર્શક અને સૌને સાથે રહીને કામ કરવાની કાર્ય પધ્ધતિને કારણે એન.કે. પટેલના નેતૃત્વને ફરી સભ્યોએ સ્વીકાર કર્યો છે. એકતા પેનલનો વિજય થતા સભ્યો અને સ્નેહીજનો શુભેચ્છકોએ અભિનંદન પાઠવ્યા હતા.


NATIONAL HEALTH MISSION
રાષ્ટ્રીય સ્વાસ્થ્ય મિશન
જિલ્લા પંચાયત, ગાંધીનગર
આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય ભારત સરકાર
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ ગુજરાત સરકાર
તા. ૧૯ થી ૨૪ માર્ચ ૨૦૧૮
સઘન મિશન ઈન્દ્રધનુષ
...હવે વધુ સશક્ત
આવો, દરેક બાળકનું સંપૂર્ણ રસીકરણ સુનિશ્ચિત કરીએ
૫ વર્ષ ૭ વાર
રસી ન ભૂલો એકેય વાર
જન્મના સમયે ૧ વાર
૧½ મહિને ૨ વાર
૨½ મહિને ૩ વાર
૩½ મહિને ૪ વાર
૯ મહિને ૫ વાર
૧૬ મહિને ૬ વાર
૫ વર્ષે ૭ વાર
મિશન ઈન્દ્રધનુષ
સમજદારી દાખવો! આપના બાળકનું સંપૂર્ણ રસીકરણ કરાવો
નજીકના સરકારી આરોગ્ય કેન્દ્રોમાં બધી રસીઓ મફત ઉપલબ્ધ છે.
જીવન ઈન્દ્રધનુષ બનાવો
જિલ્લા આરોગ્ય તંત્ર, ગાંધીનગર



www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, છઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ



ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ
કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
BRIDGESTONE
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭



ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN ®
ashirvad
BENELAVE™
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com